October 2018

# પાટણ પ્રતિબિંબ -દિપોત્સવી અંક

# PATAN PRATIBIMB

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

Year 12 • Issue 12 / 140
• Mumbai • Page 16 • Price Rs. 2/-
• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

ટેલિફોન : 22811346 • 22811218 • Mobile: 9167902267 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com

## પ્રમુખ સ્થાનેથી...



શ્રી પાટણ જૈન મંડળની શતાબ્દી ઉજવણીના ભાગરૂપ સમાજના સૌ આનંદ અને સ્નેહથી મળી શકે તે હેતુથી **તા. ૩૦ સપ્ટેમ્બરે સહારા સ્ટાર હોટલમાં દાંડિયા રાસનું આયોજન સુંદર રીતે સંપન્ન થયું.** સમાજના સૌએ ઉમળકાભેર અને ઉત્સાહથી આ કાર્યક્રમ માણ્યો તેનો વિશેષ આનંદ છે. આ કાર્યક્રમ સાથે સાથે **PPL (પાટણ પ્રિમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટ)ના પ્લેયરોના Auctionનો કાર્યક્રમ પણ આજ સ્થળે બપોરે આંતરરાષ્ટ્રીય સ્તરની ઝાંખી કરાવે તે રીતે યોજાયો** તે બદલ સ્પોર્ટસ કમિટી તેમજ ટીમ ઓનર્સ અને ખેલાડીઓનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

દશેરા પછી હવે દિવાળીનું આગમન થશે અને વર્ષની વિદાયપછી મંડળની પ્રણાલિકા મુજબ સ્નેહ સંમેલનનું આયોજન તા. ૧૮ નવેમ્બરે ગરવારે ક્લબમાં યોજેલ છે. શ્રી મણિલાલ લલ્લુચંદ શાહ પરિવાર (અતુલ ડ્રગહાઉસ)ના સક્રિય આર્થિક સથવારે આ કાર્યક્રમમાં સૌ હાજર રહે અને સમાજના સૌ એકજ સ્થળે વર્ષની શરૂઆતમાં એકબીજાને શુભેચ્છા પાઠવે તે માટે મારું સૌને હાર્દિક આમંત્રણ છે.

**શ્રી પાટણ જૈન મંડળના નેજા હેઠળ પાટણમાં શ્રી બી.કે. સાલવી એજ્યુકેશન સેન્ટર કેમ્પસમાં આર્ટસ, સાયન્સ અને કોમર્સ કોલેજની ઈમારતો વિદ્યાર્થીઓની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી સુંદર રીતે બની છે. આ કોલેજોનું ઉદ્‌ઘાટન તા. ૧૬-૦૨-૨૦૧૯ના નક્કી થયેલ છે. સમાજના સૌ આ કાર્યક્રમમાં સહભાગી થાય તે ઈચ્છનીય છે.**

શ્રી પાટણ જૈન મંડળની શતાબ્દી નિમિત્તે સમાજના જરૂરિયાતવાળા કુટુંબો માટે કેટલીક કલ્યાણકારી યોજનાઓ અમલમાં આવી રહી છે તેનો અહીં ઉલ્લેખ કરવો આવશ્યક છે. સંસ્થા તરફથી સમાજના કુટુંબોને મેડિક્લેમ પોલીસી લેવાનું તેમજ એના પ્રિમિયમમાં સંસ્થા સહાય આપે છે જેનો લાભ ઘણા કુટુંબો લે છે. તેમ છતાં જાણવા મળ્યા પ્રમાણે હજુ કેટલાય કુટુંબોએ મેડિક્લેમ પોલીસી પ્રિમિયમમાં લાભની યોજના હેઠળ પોલીસી જ કઢાવી નથી, આવા કુટુંબોનું નિયમાનુસાર પ્રિમિયમ સંસ્થા ભરશે અને નક્કી કરેલ સમય મર્યાદામાં પાટણ સમાજના મુંબઈ-પાટણ તથા ભારતમાં અન્યે વસતા સૌ કુટુંબો મેડિક્લેમ પોલીસીના કવચ હેઠળ શારિરીક રીતે સુરક્ષિત રહે તેવી મંડળની ભાવના છે. મંડળની મેડિકલ તેમજ સમાજ ઉત્કર્ષ સમિતિ આમાં સંયુક્ત રીતે કાર્ય કરી તેને સફળ બનાવશે. સમાજના સભ્યો જાગૃતિ લાવી મેડિક્લેઈમ પોલીસી કઢાવી તબીબી ક્ષેત્રે સ્વયંને સુરક્ષિત કરે તેવી અપેક્ષા છે.

સંસ્થા તરફથી આર્થિક સહાય, ભાડા રાહત, સિનિયર સીટીઝન તથા વિધવા બહેનોને મદદ સંસ્થાની ગાઈડલાઈન પ્રમાણે આપવામાં આવે છે, જેમાં આ શતાબ્દી વર્ષે શતાબ્દી ફંડમાં Additional માર્ગદર્શિકા બનાવી Case to Case Maximum 25% સુધીની વધુ સહાય આપવા નિર્ણય કરેલ છે.

**કારતક માસથી આરંભ થતા નૂતન વર્ષમાં આપ સૌનું જીવન સુખ અને સમૃદ્ધિ સાથે કલ્યાણકારી બને એજ શુભેચ્છા સાથે નૂતન વર્ષાભિનંદન...**

❑ દિનેશ શાંતિલાલ શાહ

**SHREE PATAN JAIN MANDAL**
**PATAN LADIES CRICKET MATCH.**

Cricket Match Will Organised On NSCI Ground Box Cricket Each Team 8 Players.
Under Arm With Tennis Ball 8 Overs
Age Group: 7- 45 Years
Whoever Wants Training Or Coaching ..
We Will Guide You ..
Age Bracket For Teams.
7 To 14 • 14 To 20 • 20 To 45 yrs.
You Can Make Your Team. For Registration..
**Contact :- Mrs. Nisha Shah 9821123191.**
**Gowalia Tank...**
All Messages Will Be Delivered Via Whatsapp...

❑ Sports Committee

# સ્નેહ મિલન અહેવાલ





શ્રી પાટણ જૈન મંડળ જીવન મહેક સમિતિ દ્વારા સમાજનાં અપરિણીત યુવક યુવતીઓનો સ્નેહ મિલન સમારોહ રવિવાર, તા.૧૪-૧૦-૨૦૧૮ના મંડળના સભાગૃહમાં યોજાયેલ તેમાં લગભગ ૧૫૦ જેટલાં નામો નોંધાયેલ. આ દરેકનું વર્ગીકરણ કર્યા બાદ આયોજન બે તબક્કામાં યોજવામાં આવેલ.

કાર્યક્રમના દિવસે પ્રથમ તથા બીજા તબક્કામાં આવેલ ઉમેદવારો અને તેમના વાલીઓનું સ્વાગત જીવન મહેક સમિતિના માનદ મંત્રી શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ દ્વારા કરવામાં આવેલ. મંડળના ઉપપ્રમુખો શ્રી દીપકભાઈ રેવંતિલાલ શાહ તથા શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ તેમજ માનદ મંત્રી એડમિનિસ્ટ્રેશન શ્રી અશ્વિનભાઈ પનાલાલ શાહ દ્વારા પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં આજના આયોજનની ભૂમિકા રજુ કરવામાં આવેલ, તેમજ સમાજનું યુવા ધન સમાજમાં જ રહે તે અંગે ભારપૂર્વક જણાવવામાં આવેલ. મંડળના પ્રમુખ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ દ્વારા પણ શુભેચ્છાઓ આપવામાં આવેલ. તેમજ શ્રી સંદીપભાઈ પ્રમોદભાઈ તેલીયાવાળા દ્વારા પણ આજના સ્નેહ મિલનના પરિણામે વધુમાં વધુ યુગલોના વેવિશાળ થાય તેમજ તે **સૌ મંડળના સમૂહ લગ્નમાં જોડાય તેવી હાર્દિક વિજ્ઞપ્તિ કરવામાં આવેલ.**

કાર્યક્રમ દરમ્યાન યુવક-યુવતીઓને પસંદગીનું પાત્ર મેળવવામાં સુગમતા રહે તેવા શુભ આશયથી યુવક યુવતીઓએ ભરીને આપેલ વિગતો અનુસારની માહિતી બુક ખુબજ અલ્પ સમયમાં સખત જહેમત લઈ પ્રકાશન કરવામાં આવેલ. આ પ્રસંગે શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈ શાહ દ્વારા રસપ્રદ વાતો રજુ કરી વિજેતા ઉમેદવારોને પોતાનો પરિચય આપવા જણાવવામાં આવેલ.

આજના મોંઘવારીના સમયમાં સંસ્થા દ્વારા યોજાયેલ સમૂહ લગ્નમાં મળતા લાભો તેમજ ચાલુ સાલે વધુ સુવિધાઓ સાથે યોજાનાર સમૂહ લગ્નની વિગતોની રજુઆત પાવર પોઈન્ટથી કરવામાં આવેલ.

આ પ્રસંગે મંડળ દ્વારા યોજાયેલ અગાઉના વર્ષોના સમૂહ લગ્નમાં જોડાયેલ યુગલોમાંથી બે યુગલો શ્રીમતી મોનાબેન અને શ્રી દર્શન પ્રબોધભાઈ શાહ, શ્રીમતી અલ્પાબેન તથા શ્રી નિકેશભાઈ સંઘવી દ્વારા પોતાના અનુભવ અંગે વિગતવાર રજૂઆત કરવામાં આવેલ.

**(વધુ માટે જુઓ પાના ૩)**






## પાટણની દીક્ષા



તંબોલીવાડાના મુમુક્ષુ :
દિશા દિલીપભાઈ સોભાગચંદ શાહ
માતા ભાવનાબેન
(જાફુજીવાલા) (વડોદરા)
દીક્ષા તા. ૨૬-૦૧-૨૦૧૯ના દિને

## સિદ્ધિતપ



જાગૃતિબેન પ્રકાશભાઈ
શાહ ઉં.વ. ૫૩, પુના
મણિયાતી પાડો



પરાગભાઈ રજનીકાંતભાઈ
શાહ ઉં.વ. ૪૦, કાંદિવલી
તંબોલીવાડો



રીટાબેન મુકેશભાઈ શાહ
ઉં.વ. ૬૩, મલાડ
ઝવેરીવાડો

છાયાબેન જયકુમાર શાહ ઉં.વ. ૬૨, બોરીવલી મારફતિયા મહેતાનો પાડો

## ૩૦ ઉપવાસ - માસક્ષમણ



હેલીબેન જૈનેશભાઈ શાહ
ઉં.વ. ૧૮, ગોરેગામ
સિદ્ધચક્રની પોળ



યશભાઈ જૈનેશભાઈ શાહ
ઉં.વ. ૧૫, ગોરેગામ
સિદ્ધચક્રની પોળ

**(પાના નં. ૨ થી ચાલુ)**

શ્રીમતી કોમલ શાહ દ્વારા કાર્યક્રમનું સુંદર સંચાલન કરી યુગલોને વિવિધ રમતો રમાડી મનોરંજન કરાવવામાં આવેલ. ત્યારબાદ જે **યુવક યુવતીઓને વાર્તાલાપ કે પરિચય મેળવવામાં રસ હોય તેવા ઉમેદવારોએ મીટીંગ કરેલ.** મુંબઈના વિવિધ વિસ્તારના પ્રતિનિધિઓ શ્રી નિલેશભાઇ અરૂણભાઈ શાહ, શ્રી મિલનભાઈ વિપીનચંદ્ર શાહ, શ્રી મયુરભાઈ સુરેશચંદ્ર શાહ, શ્રી જીગરભાઈ ગીરીશભાઈ શાહ, શ્રી નિલેશભાઈ કાંતિલાલ શાહ વગેરે સભ્યોએ ટુંક સમયની અવધિમાં પાર પાડેલ કાર્ય બદલ અભાર વ્યકત કરવામાં આવે છે.

યુવક યુવતીઓનું રજીસ્ટ્રેશન કાર્ય શ્રી વિપુલભાઇ વિરેન્દ્રભાઈ શાહ, શ્રીમતી પ્રીતિબેન નિલેશભાઇ શાહ તથા શ્રીમતી મોનાબેન વિમલેશભાઈ શાહ દ્વારા કરવામાં આવેલ. **આ સંપૂર્ણ કાર્યક્રમના સૌજન્ય દાતા શ્રી પ્રમોદભાઈ પ્રેમચંદ તેલીયાવાળાનો આ પ્રસંગે હાર્દિક આભાર માનવામાં આવેલ.**

**ખાસ નોંધઃ આ પ્રસંગે પ્રકાશિત થયેલ પુસ્તિકાની એક પણ નકલ સ્ટોકમાં નથી જેની ખાસ નોંધ લેવા વિનંતી.**

## ઉગ્રતપશ્ચર્યાની અનુમોદના

**પાટણ જૈન સમાજના અનેક ભાઈ-બહેનોએ ચાતુર્માસ દરમ્યાન માસક્ષમણ, સિદ્ધિતપ, વરસીતપ, અઠ્ઠાઈ કે તેથી વધુ ઉપવાસની ઉગ્રતપશ્ચયાની આરાધના સફળતાપૂર્વક પાર પાડીને પ્રચંડ કર્મ શુદ્ધિ સાથે પુણ્ય પ્રાપ્ત કર્યું છે, તેનું અનુમોદન કરતા ગર્વ અનુભવીએ છીએ.**

| નામ | ઉંમર | રહેઠાણ | મહોલ્લો |
|---|---|---|---|
| **૯ ઉપવાસ** | | | |
| પ્રજ્ઞાબેન રાકેશભાઈ શાહ | ૪૭ | ભાયંદર | મલ્લાતનો પાડો |
| મૌલિકભાઈ બીપીનભાઈ શાહ | ૩૯ | મલાડ | ભાભાનો પાડો |
| **અઠ્ઠાઈ** | | | |
| પિયુષભાઈ જશવંતલાલ શાહ | ૫૬ | કાંદિવલી | મારફતિયા મહેતાનો પાડો |
| કેજલબેન કુનાલભાઈ સફરી | ૨૯ | ગોરેગામ | ગોદડનો પાડો |
| સેજલબેન શાહ | - | મરીનડ્રાઈવ | ભાભાનો પાડો |
| નિલય જૈમિકભાઈ શાહ | ૧૯ | ગોરેગામ | મણિયાતી પાડો |
| પ્રિશા મિલિંદભાઈ શાહ | ૧૦ | ગોરેગામ | મણિયાતી પાડો |
| રાકેશભાઈ ચંદ્રકાન્તભાઈ સાલવી | | સુરત | સાલવીવાડો |
| હર્ષભાઈ રાકેશભાઈ શાહ | ૨૬ | ભાયંદર | મલ્લાતનો પાડો |
| આરઝુ રાકેશભાઈ શાહ | ૨૧ | ભાયંદર | મલ્લાતનો પાડો |
| જીનલબેન ૠષભભાઈ શાહ | ૨૭ | મલાડ | ઝવેરીવાડો |
| આદેશભાઈ રાકેશભાઈ શાહ | ૧૫ | તારદેવ | શામળાજીની શેરી |
| વૃષ્ટિ યોગેશભાઈ શાહ | ૧૩ | ગોરેગામ | કનાસાનો પાડો |
| વિયાંન્કા અવિનાશભાઈ અજંક્ય | | | વખતજીની શેરી |
| ભરતભાઈ વૃજલાલ શાહ | | મરીનડ્રાઈવ | કનાસાનો પાડો |
| જ્યોતિબેન ભરતભાઈ શાહ | ૪૫ | મરીનડ્રાઈવ | કનાસાનો પાડો |
| નિતિનભાઈ રમણલાલ પટણી | ૬૬ | ગ્રાન્ટરોડ | મનમોહનજીની શેરી |
| કલ્પનાબેન નિતિનભાઈ પટણી | ૬૬ | ગ્રાન્ટરોડ | મનમોહનજીની શેરી |
| નિખીલભાઈ તરુણભાઈ શાહ | ૪૦ | ગ્રાન્ટરોડ | મહાદેવાજીની શેરી |
| અમીબેન નિખીલભાઈ શાહ | ૩૬ | ગ્રાન્ટરોડ | મહાદેવાજીની શેરી |
| મલ્હાર પુર્વાંગભાઈ શાહ | ૧૪ | અંધેરી | ભાભાનો પાડો |
| મોનાબેન ભાવેશભાઈ શાહ | ૪૦ | વસઈ | કુંભારીયા પાડો |
| ગીતાબેન કીરીટભાઈ શાહ | ૬૩ | વિલેપાર્લા | ચોધરીની શેરી |
| શેતલભાઈ કીરીટભાઈ શાહ | ૪૨ | વિલેપાર્લા | ચોધરીની શેરી |


### શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/-** • **સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિઃ રૂા. ૩૧,૦૦૦/-** • **દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

**• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ •**

ADVT

## શ્રી પાટણ જૈન મંડળ
## સ્પોર્ટસ સમિતિના વિવિધ આયોજન

રમતગમત પ્રવૃત્તિમાં રમત સાથે ગમ્મત પણ ભળતા સ્પર્ધાઓ આનંદદાયક બની રહે છે. આવા જ વિચારને સમર્થન આપતા **મંડળની ભવ્ય શતાબ્દી ઊજવણીના ભાગ રૂપે સમાજના અબાલ વૃદ્ધો સૌ રમતગમતની સ્પર્ધાઓમાં ભાગ લઈ શકે તેવા આશયથી પાટણ પ્રિમિયમ લીગ ક્રિકેટ ટુર્નામેન્ટનું વિશાળ પાયે આયોજન કરવામાં આવેલ છે** જેનો વિગતવાર કાર્યક્રમ આગામી અંકમાં પ્રકાશીત કરવામાં આવશે.

**આઉટડોર ગેમ્સ, ટેબલ ટેનીસ - બેડમીન્ટન ટુર્નામેન્ટનું પણ ડિસેમ્બર માસ દરમ્યાન યુનિવર્સિટી ગ્રાઉન્ડ,** મરીનડ્રાઈવ ખાતે ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા માટેના ફોર્મ આ અંકના પાના નં. ૧૨-૧૩ પ્રકાશિત કરવામાં આવેલ છે, જેમાં ભાગ લેનારે દરેક ગેમ તથા વ્યક્તિ દીઠ રૂા. ૨૦/-ની એન્ટ્રી તથા સંપૂર્ણ વિગતોસહનું ફોર્મ ભરી **મોડામાં મોડુ તા. ૨૦-૧૧-૨૦૧૮ સુધીમાં મંડળના નીચે મુજબના ત્રણેય કાર્યાલય ખાતે કામકાજના સમય દરમ્યાન આપી જવા વિનંતી છે.**

**મુખ્ય કાર્યાલય :** ૭૭. પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ ૪૦૦૦૨૦. સમય : ૧૧ થી ૧, ૨ થી ૬

**ગોરેગામ :** રૂપમ ૧૫૨, જવાહર નગર, ગોરેગામ (વે), મુંબઈ ૪૦૦૦૬૨. સમય ૯.૩૦ થી ૧૨.૩૦ સાંજે ૪ થી ૭

**બોરીવલી :** એ-૨૩-૧, રતનનગર, દીપ નારાયણ દુબે માર્ગ, બોરીવલી (ઈ), મુંબઈ - ૪૦૦૦૬૮. ૯.૩૦ થી ૧૨.૩૦ બપોરે ૩.૩૦ થી ૬.૩૦

આ ઉપરાંત સમાજના ૪૫ વર્ષ કે તેથી વધુ વયના ભાઈઓ માટેની ક્રિકેટ મેચનું આયોજન સેન્ટ્રલ રેલ્વે ક્રિકેટ એસોસિયેશન ગ્રાઉન્ડ, પરેલ ખાતે કરવામાં આવેલ છે જેની તારીખો હવે પછી જણાવવામાં આવશે. એન્ટ્રી ફીના રૂા. ૧૦૦ રીફન્ડેબલ ઉપર જણાવેલ સરનામે તા. ૩૧-૧૨-૨૦૧૮ સુધી આપી જવા વિનંતી છે.

ઉપરોક્ત દરેક સ્પર્ધાઓમાં સમાજના તમામ સ્તરના ખેલાડીઓ વધુમાં વધુ સંખ્યામાં જોડાય તેવી મંડળની મહેચ્છા છે જે આપના સહયોગના સથવારે નિશ્ચિત સફળ થશે એજ અપેક્ષા છે.

❑ **સ્પોર્ટસ સમિતિ**

## ગૌતમ વિલાપ

**છેલ્લો બોધ આપી સહુ કર્મોને કાપી,**
**વીર મારા ગયા, મોક્ષ ગતિ મોઝીર રે,**
**વિલાપ કરે ગૌતમ સ્વામી,**
**ક્યાં ગયા મારા અંતર્યામી ?**
**મને મેલીને ગયા, મને મુકીને ગયા.**

હે પ્રભુ, આપનો નિર્વાણકાળ નજીક જાણી મને દેવશર્માને પ્રતિબોધ કરવા મોકલ્યો. શું હું આપનો પગ પકડી રાખત ? આપ તો મારું સર્વસ્વ છો. આપના ગયા પછી મારું તો સર્વસ્વ જતું રહ્યું. શું મારી ભક્તિની કદર પણ ન કરી ? અને અમને ટળવળતા મુકી મોક્ષમાં ગયા. આપને તો ચૌદ હજાર શિષ્યો છે પણ મારે તો આપ એકલા જ છો. આપના વિના હું શું કરીશ ? ગોપમા, ગોપમા કહીને મને કોણ બોલાવશે ? આપને દયા આવતી હોય તો પાછા પધારો એકલવાયા તમારા આ શિષ્યને એકવાર દર્શન આપો. કેટકેટલા કાલાવાલા કરું ? આપને દયા નથી આવતી ? શાને કરૂણાનિધિ એવા બિરૂદ ધરાવો છો ? આપ અમારાથી રિસાઈને ચાલ્યા ગયા, હે પ્રભુ મારી કોઈ ભૂલ આશાતના થઈ હોય તો ફરી ફરી ક્ષમા માગુ છું, પણ એક જ વાર આપના ચરણ કમળને વંદન કરવા દો. આપનો વિરહ વિયોગ કેમ સહન થશે, હું હવે ક્યાં જઈશ ? મારા હૈયાની વાત કોને કહીશ ? કોને મારી શંકાઓ પૂછીશ ? આપ તો મતલબી નિકળ્યા. આપે તો મોક્ષ મેળવી લીધો. પણ બીજાના જીવનમાં વિરહની વેદના આપતા ગયા. કાચા સૂતરના તાતણાની જેમ મારો સંપર્ક તોડી નાખ્યો. જેમ પતંગિયું દીવા પાછળ પાગલ બને છે તેમ અમે દિલના ભોળા કે આપની મુખમુદ્રાના અમે અનુરાગી બન્યા પણ હવે સમજાય છે કે તે બધુ નિરર્થક હતું. આપ તો વિરાગી હતા. ભૂલ તો અમારી કે વિરાગી સાથે રાગનો સંબંધ બાંધવા ગયા.

અંતરના સાચા વિલાપથી ગૌતમગુરુને કેવળજ્ઞાનની બક્ષિસ મળી, હજાર વર્ષ સુધી વિલાપ કરતી માતાને પુત્ર ઋષભદેવે મોક્ષની પ્રાપ્તિ આપી રથ પાછી વાળીને નેમકુમારે રાજુલને સંયમની ભેટ આપી. જીવન પરિવર્તન થવા માટે આલંબનની જરૂર છે. જે રાગીમાંથી વીતરાગી બનાવે છે. જન્મ મરણ, સંયોગ-વિયોગ અનાદિકાળથી આ પરંપરા ચાલુ જ છે અને રહેશે જે આ બધાથી ઉપર ઉડી શકે. અભિન્ન રહી શકે તે જ આત્મ કલ્યાણ કરી શકે.

❑ **ઉર્મિલાબેન ધીરેન્દ્રભાઈ ઝવેરી**


### મકાન વેચવાનું છે

**પાટણમાં ઘીવટા - ઝવેરીવાડામાં**

**ચબુતરાની સામે - ચોકમાં, કાટખૂણે ખુલ્લુ, હવા ઉજાસવાળુ, રો-હાઉસ ટાઈપ, ત્રણ બેડરૂપ,હોલ - કીચન + બેઝમેન્ટ હોલ તથા ત્રણ બાથરૂમ,બે ટોયલેટની વ્યવસ્થા વાળુ આશરે ૨૧૦૦ સ્કે.ફીટ બાંધકામનું મકાન વેચવાનું છે.**

ADVT

**સંપર્ક : 9228720002**

### મકાન વેચવાનું છે

સુમતિલાલ ઉત્તમચંદ લહેરચંદ
મારફતિયા મહેતાનો પાડો, ગોળશેરી પાટણ, ઉ. ગુજરાત.. મહોલ્લાનું પહેલુ મકાન, રોડ સાઈડની દુકાન સાથે બે દરવાજા થાય તેવું. ૯૦ વારની જગ્યા, ૮ રૂમ, પેસેજ, કીચન, દુકાન, ટેરેશ, બે માળનું બાંધકામ રહેવાલાયક જગ્યા છે.

ADVT

**:: સંપર્ક ::**

**અજય (સુરત) 9427920944 • વિપુલ (પાટણ) 9879381459**

## તંત્રી સ્થાનેથી...

## #metoo

ઈશ્વર ઉંચા આસનો માણસાઈની ઉંચાઈ વધારવા માટે માણસને આપે છે, પરંતુ ઉંચાઈ પચાવવા માટે ઉંચુ ચારિત્ર્ય અને દ્રષ્ટિ જરૂરી છે. સત્તાનો, શક્તિનો, સંપતિનો કે સગવડનો નશો મોટેભાગે ભાન ભુલાવે છે. હોદ્દાને જવાબદારીનું પ્રતિક સમજવાને બદલે, ભોગ-વિલાસ અને જાહોજલાલીનું સાધન સમજનારનો પગ ભ્રષ્ટાચાર કે વ્યભિચારના કુંડાળામાં પડી કેટલાયને અન્યાય કરી બેસે છે એના પ્રત્યક્ષ દ્રષ્ટાંતો હેશટેગ ''મી-ટૂ''ની ચળવળથી પ્રકાશમાં આવી રહ્યા છે.

''મી-ટૂ'' ચળવળ થોડા વર્ષો પહેલા અમેરિકામાં શરૂ થઈ અને તે પછી દુનિયાના અન્ય દેશોમાં તેમજ છેલ્લા થોડા મહિનાથી આપણા દેશમાં પણ આ ઝુંબેશના શ્રી ગણેશ થયા છે. રોજ કોઈને કોઈ સ્ત્રી કે યુવતી ખાસ કરીને સેલિબ્રેટીની સામે, પોતાનું જાતીય શોષણ થયું હોવાના આરોપ લગાવી રહી છે. દેશની ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલા મોટા માથાઓ, પત્રકારો તેમજ કેટલાક રાજકારણીઓથી થયેલી શરૂઆત ક્યાં સુધી ફેલાશે તેની અત્યારે કલ્પના કરવી મુશ્કેલ છે. # metoo ઝુંબેશમાં પાપ કરનાર કબુલાત કરતા નથી, પરંતુ ભોગ બનનાર, સ્વયં સાથે થયેલ દુરાચાર છડેચોક જાહેર કરે છે...

સ્ત્રીઓ તરફ સન્માન અને તેમની સુરક્ષા એ શાસન અને સમાજની ફરજ છે, અત્યાર સુધી તેમાં કેટલેક અંશે ચૂક થતી રહી છે એ વાસ્તવિકતા સ્વીકારવીજ રહી. અંધશ્રદ્ધા, પુરુષ પ્રધાન સમાજ તેમજ લાગણી હીન સામાજીક અને ધાર્મિક પરંપરાના બંધનોમાં સ્ત્રીનું વ્યક્તિત્વ વર્ષોથી કચડાતું - રૂંધાતુ હતું. સતી પ્રથા અને ત્રીપલ તલ્લાક જેવા અનેક દ્રષ્ટાંતો આપણી સમક્ષ છે. માનવી તરીકે જીવવાના સ્ત્રીના હક્કને કેટલીય વખત દફનાવી દેવામાં આવતા. શિક્ષણ અને કાનૂનના સાથ તેમજ આધૂનિક ઈલેક્ટ્રોનિક - ડિજીટલ સંદેશવ્યવહાર પદ્ધતિ (સોશ્યલ મિડિયા) એ સ્ત્રીઓ પ્રત્યેની સમાજિક ધાર્મિક તેમજ વ્યવસાયિક દ્રષ્ટિમાં, જરૂરી સાચુ પરિવર્તન લાવવાની પ્રક્રિયાની ઝડપ વધારવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે.

વગદાર વ્યક્તિઓ દ્વારા યુવતીઓ સાથે કરાયેલ અણછાજતી હરકતોની અસર પીડીતાના માનસ પર આખી જિંદગી રહેતી હોય છે, આવા પ્રસંગો પીડાકારક હોય છે, અત્યારસુધી આવા દુ:ખકર પ્રસંગો જાહેર કરવા સંજોગો સતાવતા હતા, આવા ઘટનાઓના ઘા ભોગવતી પીડીતાઓ માટે 'મી-ટૂ' ઉંડા માનસિક જખ્મોને રૂઝાવવાના મલમનો અહેસાસ કરાવે છે. પ્રતિષ્ઠાની નકાબ ચઢાવેલ ઢોંગીઓના અસલી ચહેરા સમાજ અને વિશ્વને બતાવવાનો અરીસો 'મી-ટૂ'ની ચળવળ છે.

કોઈપણ ઝુંબેશ દાવાનળ એટલે કે જંગલની આગ જેવી હોય છે, જેમાં સુકા ભેગું ક્યારેક લીલુય બળેજ છે. આપણા કાયદાઓ પણ Evidance (પુરાવા) આધારીત છે. પુરાવાઓના અભાવે કોઈપણ સત્ય 'અર્ધ-સત્યજ' બની રહે છે. તેમ છતાં વર્ષોથી યેનકેન પ્રકારે સ્ત્રીના સ્વમાન સાથે થતી શરમજનક હરકતોને વાચા આપવા શરૂ થયેલ 'મી-ટૂ' ઝુંબેશ અનિવાર્ય અને આવકારદાયક છે.

આ ઝુંબેશના મૂળ કારણોનું અવલોકન કરી શાસન, કાનૂનમાં જરૂરી ફેરફારો લાવી ત્વરીત ફરિયાદ અને ઝડપી ન્યાયની વ્યવસ્થા કરે અને સમાજ પણ જાગૃતિ દાખવે તો કાનૂની ડર અને સામાજીક બહિષ્કારના શસ્ત્રો સ્ત્રીઓ સાથે થતી અણછાજતી હરકતોને Prevent કરવા મદદરૂપ થશે અને તોજ આ ઝુંબેશ સફળ થઈ કહેવાશે.

❑ સંપાદક સમિતિ

**સામાન્યરીતે દિપાવલીની રંગીન રોશની અને દિવડાઓની ઝગમગાટ સભર ઊજવણીના ઉત્સાર્થે પ્રભુ મહાવીર સ્વામીના નિર્વાણ કલ્યાણક અને ગુરુ ગૌતમ સ્વામીના મોક્ષ પ્રાપ્તિને વધાવવા નૂતન વર્ષની આનંદ ને ઉલ્લાસભર ઉજવણી કરવામાં અને સગા સ્વજનોના મોઢા મિઠા કરાવી સાલમુબારકની મુબારકબાદી આપવામાં આવે છે. પ્રારંભ થયેલ નૂતન વર્ષ સમૃદ્ધિ સભર નિવડો તેવી શુભેચ્છાઓ અપાય છે સાથોસાથ તેની ઊજવણી અધિક આનંદસભર બનાવવા નાની મોટી રકમો બોણી સ્વરૂપે ભેટ અપાય છે તો આવા સુંદર અવસરે આપણી સંસ્થાને પણ સ્મૃતિમાં રાખી જરૂરથી આર્થિક સહયોગ પ્રદાન કરી સમાજના જરૂરિયાતમંદ પરિવારજના મુખ ઉપર ઉલ્લાસ લાવવામાં નિમિત્ત બની શકાશે એવી શ્રદ્ધા છે...**


**CHETAN SHAH**

**For Transfer Of Physical Shares to Demat.**
**Transmission / Transposition Of Shares**
**Getting Duplicate Share Certificate**
**for Lost Certificate**
**Any Other Matter Related to Shares.**
**Contact :**
**Mob. No. 7303265590, Tel. 02266108465**

ADVT


## MATRIMONIAL

**NIYATI KAUSHIK CHAMPAKLAL SHAH**

**Mother** : Paruben Kaushikbhai Shah
**DOB** : 24-11-1992
**Education** : M.S. in Electrical Computer Engineering
**Job** : Asst. Development Engineer
**Resi** : Los Angeles (USA)
**Mumbai** : 108/18, Jawahar Nagar, Goregaon (W), Mumbai - 400062.
**Maholla** : Maniyati Pado
**Email** : parukaushik@gmail.com
**Mob. No.** : **9820816749 (only whatsup calling)**
**Mumbai Contact** : Kamlesh C. Shah (Director) (Kaka) **Mob. No. 9820045595**

ADVT

# દિપાવલીના દિને દિલમાં દીવા પ્રગટાવો

ભારત પાસે સંસ્કૃતિની ભવ્ય અને દિવ્ય ઈમારત છે. જીવન તરફ જોવાની અલૌકિક દ્રષ્ટિ છે. માનવીને સંસ્કૃત બનાવવાનું કાર્ય ધર્મે કર્યું છે. અને ધર્મ એ જીવનને માંગલ્ય તરફ લઈ જવાની ચાવી છે. જે માનવજાતિને ઉન્નતિ તરફ લઈ જાય છે.

હિંદુ પંચાગ મુજબ વિક્રમ સંવતનો છેલ્લો મહિનો એટલે આસો માસ. તેમાં આવતી નવરાત્રિ અને દશેરા તે માત્ર ભારતમાં જ નહીં પણ દેશ-વિદેશમાં જ્યાં જ્યાં ભારતીયો જઈને વસ્યા છે, તે સૌના માટે ઉમંગ અને ઉત્સાહના પર્વ છે. નવરાત્રિ પછીના ગણતરીના દિવસોમાં જ દિવાળીની ઉજવણી માટે નાના મોટા સૌ કોઈ તૈયાર થઈ જાય છે.

પ્રકાશનું પર્વ દિવાળી એ સમર્પણનો ઉત્સવ છે. પાંચ દિવસનું આ પર્વ છે. બારણામાં આસોપાલવના તોરણો બંધાય છે. ઊંબરામાં શુભ અને લાભ, લાલ કંકુ અને ચોખાથી સ્વસ્તિક આલેખીને લખાય છે. લક્ષ્મીજી માતાને આવકારવાની તૈયારી થાય છે. ચોપડા પૂજન થાય છે. અનંત લબ્ધિનિધાન ગૌતમસ્વામી, તથા શાલીભદ્રને યાદ કરવામાં આવે છે. પાવાપુરી નગરીમાં મધુર માલકૌસ રાગમાં પ્રભુએ 'સુખવિપક સૂત્ર'નાં પંચાવન અને 'દુઃખ વિપીક સૂત્ર'નાં પંચાવન એમ ૧૧૦ અધ્યયન પૂર્ણ કર્યા પછી છેલ્લી દેશનામાં 'ઉત્તરાધ્યયન સૂત્ર'ની વાંચના ફરી. એકબાજુ ભગવાનની વાણી સાંભળવાનો આનંદ છે, તો બીજી બાજુ હવે કાયમને માટે પ્રભુની વાણીનો વિયોગ થશે તેનો આઘાત છે, છેલ્લું ચાતુર્માસ, છેલ્લી દેશના, છેલ્લો સમય.

આ પર્વનો પ્રથમ દિવસ તે ધનતેરસ છે. જૈન ધર્મના ઈતિહાસમાં એક પ્રસંગ વર્ણવ્યો છે. ભગવાન ઋષભદેવને સાધના કરતાં કરતાં ૧૦૦૦ વર્ષ કેવળજ્ઞાન થયું અને તેઓ અયોધ્યામાં પધાર્યા. અયોધ્યાનગરીનું બીજું નામ છે, વિનીતા નગરી. વનપાલકે આવીને ભરતમહારાજને વધામણી આપી કે; 'આપના પરમપિતા, દાદા પ્રભુ ઋષભદેવને કેવળજ્ઞાન પ્રગટ થયું છે.' ત્યાં બીજી બાજુ એજ ભરતચક્રવર્તીનો એક સેવક ખુશાલીના સમાચાર લઈને આવે છે. 'આપને ત્યાં પટ્ટરાણીએ પુત્રરત્નને જન્મ આપ્યો છે.' ત્યાં શાસ્ત્રગારનો સેવક આવીને વધામણી આપે છે કે; 'આયુધ શાળામાં ચક્રરત્ન પ્રગટ થયું છે.' આમ ભરત રાજાનો પુણ્ય સિતારો ચમકી રહ્યો છે. છ ખંડ સાધતા એવા ભરત ચક્વર્તીએ બાર અઠ્ઠમ કર્યા હતા. અને તેમનો છેલ્લો અઠ્ઠમ અયોધ્યાનગરીમાં પ્રવેશ કરવાનાં સમયે હતો. તે જુદાં જુદાં દેશો પર વિજય મેળવીને આવ્યા હતા. આ અઠ્ઠમ આસો વદ અગિયારસ, બારસ અને તેરસનો કર્યો હતો. તેઓએ ધનતેરસના દિવસે અયોધ્યામાં પ્રવેશ કર્યા. ત્યારે પ્રજાએ આનંદોત્સવ કર્યો. ઘેર ઘેર સાથિયા પૂરાયા, રંગોળી થઈ, મોતીઓથી ચોક પૂરાયા. અક્ષત-મોતીથી ભરતચક્રવર્તીનું સામૈયું પ્રજાએ કર્યું અને સૌ નગરજનોએ મેવા, મીઠાઈ બનાવી એકબીજાને ખવડાવ્યા.

કાળી-ચૌદસ-તે સ્વરૂપ ચૌદસના નામથી પણ ઓળખાય છે. મંત્રસાધકો મંત્રવિદ્યાની સાધના કરે છે અને વહેવાર જગતમાં લોકો ઘરમાંથી કકળાટ કાઢવાનો પ્રયત્ન કરે છે. બહેનો વડા બનાવી સંધ્યા સમયે ચાર રસ્તા ભેગા થતાં હોય તેવાં ચોકમાં કુંડાળા કરીને વડા મુકી આવે છે. ને કકળાટ કાઢ્યાનો સંતોષ માણે છે. પણ આ રીતે કકળાટ નીકળે ખરો ? એ એક વિચારવા જેવો પ્રશ્ન છે જ્યાં સુધી જીવનમાં સાચી સમજણ ન આવે ત્યાં સુધી કકળાટ નીકળે જ નહીં. આપણી ભીતરમાં રહેલાં કષાયોને કાઢવાના છે. અને સમજણનો દીવો પ્રગટાવવાનો છે.

આસો વદ અમાસ-જન્મ લેતાની સાથે જ વર્ધમાનમાંથી મહાવીર અને મહાવીરમાંથી ત્યાગવીર બની સાડા-બાર વર્ષ સુધી ઉપસર્ગોને સહન કરતાં કરતાં 'ધીર-વીર ગંભીર' બન્યા. એવા પ્રભુ મહાવીરનો અંતિમ સમય નજીક આવતો જાય છે. પ્રભુના નિર્વાણ કલ્યાણકનો આજે પવિત્ર દિવસ છે. આજનો પરમપુનિત દિન છે દીપાવલીનો પવિત્ર એવી પાવાપુરી નગરી આજે ધન્ય ધન્ય બની ગઈ છે. પ્રભુએ છઠ્ઠ કર્યાં છે. કેવી એ ધન્યભાગી પ્રજા હશે જે આ સમયે પ્રભુની પાસે સમવસરણમાં બેઠી હશે અને પ્રભુની દેશના સાંભળતા હશે ઉ. સૂત્રની ૨૦,૦૦૦ ગાથા છે આજે પણ અનેક સાધુ-સાધ્વીઓ આ ગાથાઓનો સ્વાધ્યાય કરે છે.

પ્રભુ ૩૬ અધ્યયન સુધી પહોંચ્યા છે. ત્યારે ચાલુ દેશનામાં શકેન્દ્ર મહારાજ માત્ર બે ઘડીનું આયુષ્ય વધારવાનું કહે છે. પરમાત્મા ના પડે છે તેમ થવું શક્ય નથી. અને અંતિમક્ષણોમાં પ્રવેશ કરી ચૌદમાં ગુણસ્થાનકમાં આવ્યાં છે. અને સંપૂર્ણ કર્મથી ત્રણેય શરીર મુક્ત બની સમય માત્રમાં સિદ્ધાચલમાં સિદ્ધક્ષેત્રમાં જઈ સ્થિર થઈ ગયા. ભગવાન નિર્વાણ પામ્યા. ગૌતમ સ્વામી આવી પહોત્યા. અત્યંત વિલાપ કર્યો. તેમનાં પણ ઘાતીકર્મોનો નાશ થયો. પરમાત્મા પ્રત્યેના રાગનું આવરણ દૂર થતાં દીપથી દીપ પ્રગટી ગયો. શાસન નોંધારી બને તે પહેલાં જ ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થયું છે.

એકબાજુ ભગવાનના નિર્વાણનો મહોત્સવ ઉજવાય છે, તો બીજી તરફ ગૌતમસ્વામીના કેવળજ્ઞાનનો મહોત્સવ ઉજવાય છે આનું નામ છે દીપાવલી..

**'મિટ્ટી કે દીપ જલાને સે દિપાવલી નહીં હોતી,**
**ગુલદસ્તોં સે ઘર સજાને સે ખુશહાલી નહીં હોતી;'**
**દિપાવલી અગર મનાના હી ચાહતે હોતો;**
**સમ્યગદર્શન કા દીપ જલાઓ, તભી સહી દિવાલી હોતી હૈ.'**

આ દિવાળીના, પવિત્ર તહેવાર અને પર્વના દિવસ નિમિત્તે ચાલો, આપણે સૌ ભીતરનાં કોડીયામાં ત્યાગ, તપસ્યા અને શ્રદ્ધાનું તેલ પૂરી, જ્ઞાનની વાટ મૂકી સમ્યગ્દર્શનનો દીપ પ્રગટાવી દિવાળી ખૂબ જ અંતરના ઉમળકાથી ઉજવીએ.

**દિવાળી મુબારક....**

❑ **ભારતીબેન શાહ**


**PATOLA OF PATAN PVT. LTD**
(National Award Winner 1983-State Award Winner 2006)
Mfg. of Double Ikat Patola, Scarves, Borders, Dupattas, Tablecloth etc.

| Ashokbhai Salvi | Viral Salvi | Ujjaval Salvi | Nirmal Salvi |
|---|---|---|---|
| 09925233484 | 09925651695 | 09825448498 | 09898143484 |

**Tel (91-2766) 232172 / 222182**
Add: Patolawala Farm House, Out Side Fatipal Gate, Patan, (North Gujarat) - 384265 • visit us at : www.patolaofpatan.com
Email: viral@patolaofpatan.com • salvi.nirmal@gmail.com
ADVT

# સોમીરા પાટણ પ્રીમીયર લીગ ટુર્નામેન્ટ અહેવાલ




ટુર્નામેન્ટના પાર્ટનર્સ અને મુખ્ય સ્પોન્સર

ગત વર્ષે શ્રી પાટણ જૈન મંડળ દ્વારા યોજાયેલ પાટણ પ્રિમિયર લીગ ટુર્નામેન્ટને મળેલ અદભૂત સફળતા બાદ ચાલુ સાલે પણ ક્રિકેટ ટુર્નામેન્ટનું વિશાળ પાયા ઉપર આયોજન કરવામાં આવેલ છે. આ વખતે ભાગ લેવા ૧૬૦ ખેલાડીઓએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવેલ.

આ ટુર્નામેન્ટને વધુ મનોરંજક અને રસપ્રદ બનાવવા તેમજ સમાજના વધુમાં વધુ યુવા ખેલાડીઓનો સમાવેશ કરી શકાય તેવા શુભ આશયથી ગત માસ દરમ્યાન થયેલ ઓક્સનમાં સાત ટીમ જોડાયેલ છે, જેથી હવે સાત ટીમો વચ્ચે સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ.

આ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર ખેલાડીઓનો Auction સમારંભ ચાલુ સાલે સંસ્થાની ભવ્ય શતાબ્દી ઉજવણીના સંદર્ભે રવિવાર, તા. ૩૦-૦૯-૨૦૧૮ના દિને સહારા સ્ટાર હોટલ ખાતે આયોજન કરવામાં આવેલ.

આ કાર્યક્રમના પ્રારંભમાં સંસ્થાના ઉપપ્રમુખ શ્રી તુષારભાઈ પ્રવીણચંદ્ર શાહ દ્વારા ઉપસ્થિત સર્વે સદસ્યોને ઉષ્માભર્યો આવકાર આપવામાં આવેલ. મંડળના પ્રમુખ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ, ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવેલ, તેમજ ટુર્નામેન્ટના સ્પોન્સરો તેમજ ટીમ ઓનર્સ પ્રત્યે આભાર ભાવ વ્યક્ત કરવામાં આવેલ.

ત્યારબાદ ટુર્નામેન્ટની ટ્રોફીનું શ્રી સંજયભાઈ રમેશચંદ્ર શાહ પરિવારજનોના વરદ હસ્તે અનાવરણ કરવામાં આવેલ. સાથો સાથ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર સાતેય ટીમ ઓનર્સની જર્સીઓનું સ્પોર્ટસ સમિતિના સદસ્યો હસ્તે વિતરણ કરવામાં આવેલ. ઉપરાંત ટુર્નામેન્ટના મુખ્ય સ્પોન્સર સોમીરા ડાઈમ તથા કો-સ્પોન્સરર શ્રી મુકેશભાઈ ચીમનલાલ પટણીનું મંડળના હોદ્દેદારોના હસ્તે અભિવાદન કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી હર્ષલ સંજયભાઈ શાહ તથા શ્રી નીશીત ભુપેન્દ્રભાઈ શાહ દ્વારા કરવામાં આવેલ.

અમને જણાવતા અત્યંત હર્ષ થાય છે કે આ વર્ષની સમગ્ર ટુર્નામેન્ટનું **યુ-ટ્યુબ** ઉપર જીવંત પ્રસારણ કરવામાં આવશે. તેના સૌજન્ય દાતા શ્રી શરદભાઈ કુસુમચંદ્ર શાહ છે તેની સહર્ષ જાહેરાત કરવામાં આવેલ, જેને ઉપસ્થિત સર્વે ભાઈ-બહેનોએ તાળીઓના ગડગડાટથી વધાવી લેવામાં આવેલ.

આ પ્રસંગે સૌજન્ય દાતાઓ, સાતેય ટીમના ઓનર્સો, મંડળના હોદ્દેદારો, સ્પોર્ટસ સમિતિના સભ્યો, તથા ભાગ લેનાર ખેલાડીઓ મળી લગભગ ૨૦૦ થી વધુ ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

ટુર્નામેન્ટના વિશાળ ખર્ચમાં સંસ્થાને સહાયક થવાના અભિગમ સાથે કેટલાક દાતાઓ દ્વારા ટ્રોફી, બાઈક, કીટ, ફુડ, વોટર, કેપ, જર્સી, એનર્જી ડ્રીંક્સ ઈત્યાદિ વસ્તુઓના સૌજન્ય દાતા બનવાનું સ્વીકારેલ છે. આ ઉપરાંત કોઈ અન્ય વસ્તુઓ ઉપહારરૂપે આપી તેના સૌજન્ય દાતા બનવા ઈચ્છતા સખીદાતાઓએ સ્પોર્ટસ સમિતિના સભ્યોનો વહેલામાં વહેલી તકે સંપર્ક સાધવા વિનંતી.

આ ઓક્સનમાં સાતેય ટીમો દ્વારા પસંદ થયેલ ખેલાડીઓ બાદ શેષ રહેલ અનસોલ્ડ ખેલાડીઓએ પોતાની ભરેલ ડિપોઝીટ મંડળના ત્રણેય કાર્યાલય ખાતેથી વહેલામાં વહેલી તકે મેળવી લેવા વિનંતી છે.




સ્પોર્ટ્સ સમિતિના હોદ્દેદારો અને સભ્યો



હોદ્દેદારો દ્વારા દીપ પ્રાગટ્ય

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા ચાલુ સાલે તેની ભવ્ય શતાબ્દી ઉજવણી નિમિત્તે યોજાતા કાર્યક્રમો અન્વયે તા. ૩૦-૦૯-૨૦૧૮ના સહારા સ્ટાર ખાતે દાંડિયા રાસનો રંગારંગ કાર્યક્રમ યોજાયેલ. સાંજે ૭.૩૦ કલાકે શરૂ થનાર કાર્યક્રમ માટે અનન્ય ઉત્સાહથી સજીધજીને રાસ રસિયાઓ સાંજે ૬ વાગ્યાથી જ આવવા શરૂ થયા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં મંડળના પ્રમુખ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ તથા અન્ય હોદ્દેદારો, સખાવતી દાતાઓ તેમજ દાંડિયા રાસના સૌજન્ય દાતાઓના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવેલ.

ત્યારબાદ રંગબેરંગી અને પરંપરાગત વસ્ત્રો પરિધાન કરેલ ખેલૈયાઓ **શ્રી નવીનભાઈ મનરાજા તથા સાથી કલાકારોના** તાલે ગરબા-રાસ કરતા ઝુમ્યા.

કાર્યક્રમના મધ્યાંતરમાં માનદમંત્રી એડમિનિસ્ટ્રેશન **શ્રી અશ્વીનભાઈ પનાલાલ શાહ, શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ તથા શૈલેષભાઈ કેશવલાલ શાહ તેમજ મંડળના મેનેજર શ્રી મનુભાઈ જોષી તથા જ્ઞાનેશભાઈ દ્વારા લક્કી ડ્રોના ઈનામો જાહેર કરી વીતરણ કરવામા આવેલ. આ પ્રસંગે સંસ્થામાં ૫૭ વર્ષથી સંનિષ્ઠપણે સેવા પ્રદાન કરતા શ્રી મનુભાઈ જોષીની સેવાઓને બિરદાવવામાં આવેલ.**

મંડળના પ્રમુખ શ્રી દિનેશભાઈ તથા ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રભાઈ શાહ દ્વારા મંડળની પ્રવૃત્તિ વિશેની ટૂંકમાં માહિતી આપેલ તેમજ આયોજનના વિશાળ ખર્ચમાં આર્થિક સહયોગ પ્રદાન કરનાર દાતાઓ પ્રતિ આભાર ભાવ વ્યક્ત કરવામાં આવેલ.

બીજા રાઉન્ડમાં નિર્ણાયકો દ્વારા પસંદગી પામેલ ખેલૈયાઓ માટે તેમજ અન્ય ભાઈ બહેનો પુનઃ સંગીતમય સથવારે જોશભેર મન મુકી ગરબા-રાસ રમ્યા ત્યારે નિર્ણાયકો દ્વારા પણ પસંદગી ક્રમ આપવું જરા કઠીન બની ગયેલ.

ત્યારબાદ દરેક ગ્રુપ પ્રમાણે બાળકોથી લઈ સિનિયર સીટીઝન પર્યંતના મેલ/ફિમેલના તેમજ સર્વોત્તમ યુગલ તથા સર્વશ્રેષ્ઠ પરિધાનના એમ **કુલ્લે ૩૪ પારિતોષિકનું મંડળના હોદ્દેદારો તથા દાતાશ્રીના હસ્તે વિતરણ કરવામાં આવેલ, જેના સૌજન્ય દાતા શ્રીમતી ચારુબેન તુષારભાઈ પ્રવીણચંદ્ર શાહ હતા.**

આપણા સમાજના રાષ્ટ્રીય સ્તરે ખ્યાતિપ્રાપ્ત કોરિયોગ્રાફર **કું. અવનીબેન ભાનુભાઈ શાહ** (ખેજડાનો પાડો) તેમજ **ડૉ.અવનીશ રાજન** અને **શ્રીમતી સુનંદાબેન વી. શાહએ** નિર્ણાયક તરીકે ખુબજ જહેમતભરી કામગીરી સુંદર રીતે બજાવી. તેઓશ્રીને સ્મૃતિચંદ્રક તથા સર્ટિફિકેટ એનાયત કરી અભિવાદન કરવામાં આવ્યું હતું.

**(વધુ માટે જુઓ પાના નં. ૧૧)**



શ્રી સમીરભાઈ શાહ



દાતાઓ દ્વારા દીપ પ્રાગટ્ય
















# PPL Sports Sponsors 2018

| | |
|---|---|
| Tournament Main Sponsor | Somira Diam |
| Co-Sponsor | Mukesh C. Pattani |
| Clothing Partner Jersey Sponsor | Charuben Tusharbhai Pravinchandra Shah |
| Telecast Partner | Sharadbhai Kusumchandra Dayabhai Shah |
| Bike - Man of the Series | M. T. Madon & Exports |
| Trophy Partner | Monikaben Sanjaybhai Rameshchandra Shah |
| Water Partner | Mamtaben Suchitbhai Shah |
| Cap 99 Pancakes | Vikeshbhai Shah |
| Cricket Kit Partner | Rameshchandra Chabildas Jhaveri |
| Gift Partner | Warmeo - Khushbuben Sagar Shah |
| Printing Partner | K.S. Group |

The Auction of the players, for Somira PPL, held on 30th Sept in the Sahara Hotel, was a grand success with the presence of sponsors, event partners, owners all the players and office bearers of Shree Patan Jain Mandal. We thank all for gracing the event by being present and showing their full support to bring the event to next level. We are sincerely thankful to all the sponsors and partners to Keep faith in us and help us raise the standard of the tournament. We have been able to facilitate all the requirements of the tournament with their overwhelming response and allout support. The event was inaugurated by our sponsor Mr. Sandip and Sonalben Shah of Somira Diam and Co-Sponsor Mr. Mukesh Pattani. The T-Shirts were unveiled by our clothing partner Mr. Tushar and Charuben Shah of Smith Engineering the Trophy was unveiled by Mr. Sandipbhai Shah and our Trophy Partner Mr. Sanjaybhai Rameshchandra Shah we were further honoured to have more sponsors willing to be associated for this second season of Somira PPL.








(પાના નં. ૮ થી ચાલુ)

આયોજન સ્થળના પ્રવેશ દ્વાર ઉપર વર્લ્ડ હેરીટેજ રાણકીવાવની વિશાળ કદની પેનલો મુકવામાં આવેલ, જે સૌ માટે મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બની રહેલ અને રાસ રસિયાઓ દ્વારા સેલ્ફીનો આનંદ માણવામાં નિમિત્ત બનેલ.

મંડળના મહત્વકાંક્ષી આયોજનને સફળતા અપાવવા આ કાર્યક્રમમાં સમાજના ૨૫૦૦ ભાઈ-બહેનોએ શિસ્તબદ્ધ ઉપસ્થિત રહી કાર્યક્રમની તેમજ સમાજની શોભા વધારેલ. આવા પ્રકારના વધુ આયોજનો ગોઠવવા પ્રેરણા અને પ્રોત્સાહન મળે એવો સુખદ માહોલ હતો.

દાંડિયા રાસના સમગ્ર કાર્યક્રમનું જીવંત પ્રસારણ **યુ-ટ્યુબ** દ્વારા તેમજ કાર્યક્રમ સમયે જાયન્ટ LED પર પ્રસારીત કરવામાં આવેલ. સાથોસાથ સંસ્થાની શતાબ્દી ઉજવણી માટે તૈયાર કરેલ ૧૦૪ વર્ષના ઈતિહાસની પાવર પોઈન્ટ પણ સમયાંતરે પ્રસારણ કરવામાં આવેલ.

**શતાબ્દી ઉજવણીના ઉલ્લાસના સૂરજનો સંધ્યાકાળે સહારા સ્ટાર ખાતે થયેલ અરૂણોદય મધ્ય રાત્રી પર્યન્ત ઝળહળતો રહેલ. રાસ રસિયાઓ વાતાનુકુલ હોલની ઠંડક અને સમગ્ર હોલમાં બીછાવેલ ગાલીચા ઉપર મન ભરીને ઝુમ્યા હતા અને મધ્યરાત્રિ પછી સૌ મીઠી યાદોને લઈ વિખરાયા હતા.**

મુંબઈના જુદા જુદા વિસ્તારોમાં વસતા સમાજના સૌ આ પ્રસંગે સામેલ થઈ શકે તે હેતુથી આયોજન સ્થળેથી આવવા જવા બસોની વ્યવસ્થા તેમજ કાર્યક્રમના પાસોના વિતરણ માટે શ્રી હીતેનભાઈ વીમાવાળાની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી. આ કાર્યમાં સક્રીય સાથ આપવા બદલ શ્રી નિલેશભાઈ કાંતિલાલ શાહ, શ્રી નીલેશભાઈ રમેશચંદ્ર શાહ, શ્રી મયુરભાઈ સુરેશચંદ્ર જૈન, શ્રી જીગરભાઈ ગિરીશભાઈ શાહ, શ્રીમતી મોનાબેન વિમલેશભાઈ શાહ, શ્રી જયેશભાઈ કુમારપાળ શાહ, શ્રી નીલેશભાઈ અરૂણભાઈ શાહ, શ્રી મીલનભાઈ વિપિનચંદ્ર શાહ, શ્રીમતી હીનાબેન યશમુખ શાહ, શ્રી મનીષભાઈ નલીનભાઈ શાહ, શ્રી પંકજભાઈ રતિલાલ શાહ, શ્રી વિપુલભાઈ વિરેન્દ્રભાઈ નગરશેઠ, શ્રી રાજેશભાઈ પ્રેમચંદ શાહ, શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈ શાહ, શ્રી પુનીતભાઈ સૂર્યકાંત શાહ, શ્રીમતી નીશાબેન દીપેશભાઈ શાહ, શ્રી વિજયભાઈ જશુભાઈ શાહ, શ્રીમતી રાગીણીબેન ભરતભાઈ શાહે તેમજ સંસ્થા કર્મચારીઓએ આપેલ યોગદાન બદલ આભાર વ્યક્ત કરવામાં આવે છે.

**કાર્યક્રમનું સંચાલન સ્વાગત તથા આભાર પ્રોગ્રામ સમિતિના માનદમંત્રી શ્રી સમીરભાઈ જયંતિલાલ શાહ, શ્રી ભાવેશભાઈ સુધીરભાઈ શાહ તથા શ્રી ઉમેશભાઈ રમણલાલ શાહ દ્વારા કરવામાં આવેલ.**

# હાર્દિક નિમંત્રણ

**ઉદ્‌ઘાટન સમારોહ**

## શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત

- **શ્રીમતી ભગવતીબેન કાંતિલાલ સાલવી એજ્યુકેશન સેન્ટર**
- **એસ.કે. કોલેજ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી**
- **પ્રદિપ કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ**
- **વસુમતી સેવંતીલાલ કોલેજ ઓફ આર્ટસ, (માસમીડીયા એન્ડ ફેશન ડિઝાઈનીંગ)**

શ્રી પાટણ જૈન મંડળના શતાબ્દી વર્ષના પ્રારંભે, ગર્વનર ઓફ ગુજરાતના વરદ હસ્તે ભૂમિ પૂજન થયેલ વિદ્યા સંકુલ અને કોલેજોનું સ્વપ્ન સાકાર થયેલ છે. આપણી માતૃસંસ્થાના નેજા હેઠળ ના એક અતિ મહત્વના અને સમાજને સુશિક્ષિત કરનાર પ્રોજેક્ટનો ઉદ્‌ઘાટન સમારોહ નીચે મુજબ ગોઠવવામાં આવેલ છે, જેમાં સૌને પધારવા હાર્દિક નિમંત્રણ છે.

## સમારોહ

**દિનાંક : તા. ૧૬-૨-૨૦૧૯, શનિવાર, મહા સુદ ૧૧**

**સમય : વિજય મુહૂર્ત, બપોરે ૧૨.૩૯ કલાકે**

**સ્થળ : બી.કે. સાલવી એજ્યુકેશન સેન્ટર, ફાટીપાળ દરવાજા બહાર, પાટણ.**

આજ દિવસે, રાત્રે સુંદર મનોરંજન કાર્યક્રમનું પણ આયોજન છે.

સમગ્ર પાટણ સમાજ સંસ્થાના શિક્ષણ ક્ષેત્રે મહત્વના પ્રોજેક્ટના ઉદ્‌ઘાટન પ્રસંગે સહભાગી થઈ શકે, તેમજ પાટણ બહારથી આવનાર વ્યક્તિઓ સમયસર ટીકીટોનું બુકીંગ કરાવી શકે, તે આશયથી ટૂંકમાં આ માહિતી આપવામાં આવેલ છે.

# SHREE PATAN JAIN MANDAL

FORM NO.............................

77 PATAN JAIN MANDAL MARG, MARINE DRIVE, MUMBAI - 400 020. Tel. : 22811218, Mo. 9167902267

## OUTDOOR GAMES ENTRY FORM / 09-12-2018

| | | | |
|---|---|---|---|
| PLAYER'S NAME | | | M / F |
| | SURNAME | NAME | FATHER'S NAME |
| FATHER'S FULL NAME | | | |
| ADDRESS | | | |
| & | | | |
| MOBILE | | EMAIL ID : | |
| BIRTH DATE | | AGE AS ON DT. 31-10-2018 | |
| PATAN MOHALLA | | PLAYER'S SIGNATURE | |

Venue : University Ground
Marine Drive, Mumbai.
Time : 10.00 am. to 4.00 pm

Please mark ☑ in Group as per your age & Game.
**Entry Fee per head, per game Rs. 20/- Last**
**Date of Submission 20-11-2018**

## GAME DETAILS - GROUPWISE

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| GROUP 'A'<br>UPTO 7 | | 50 Mtr. Race<br>(૫૦ મીટર દોડ) | | 50 Mtr. Frog Race<br>(૫૦ મીટર દેડકા દોડ) | | 50 Mtr. Ball Collect Race<br>(૫૦ મી. બોલ કલેક્ટ) | | |
| GROUP 'B'<br>8 TO 10 | | 100 Mtr. Race<br>(૧૦૦ મીટર દોડ) | | 25 Mtr. Lemon & Spoon<br>(૨૫ મી. લિંબૂ ચમચી) | | 25 Mtr. Sack Jump<br>(૨૫ મી. કોથળા કુદ) | | |
| GROUP 'C'<br>9 TO 13 | | 100 Mtr. Race<br>(૧૦૦ મીટર દોડ) | | 50 Mtr. Obstruct Race<br>(૫૦ મી. વિઘ્ન દોડ) | | 25 Mtr. Sack Jump<br>(૨૫ મી. કોથળા કુંદ) | | |
| GROUP 'D'<br>14 TO 18 | | 200 Mtr. Race<br>(૨૦૦ મીટર દોડ) | | Long Jump<br>(લાંબો કુદકો) | | 50 Mtr. Obstruct Race<br>(૫૦ મી. વિઘ્ન દોડ) | | Disc Throw<br>(ડીશ ફેંક) |
| GROUP 'E'<br>19 TO 25 | | 100 Mtr. Race<br>(૧૦૦ મીટર દોડ) | | Shot Put<br>(ગોળા ફેંક) | | 50 Mtr. Obstruct Race<br>(૫૦ મી. વિઘ્ન દોડ) | | Long Jump<br>(લાંબો કુદકો) |
| GROUP 'F'<br>26 TO 35 | | 100 Mtr. Race<br>(૧૦૦ મીટર દોડ) | | Shot Put<br>(ગોળા ફેંક) | | Long Jump<br>(લાંબો કુદકો) | | Pair Couple Race<br>(કપલ દોડ) (M/F) |
| GROUP 'G'<br>36 TO 45 | | 80 Mtr. Race<br>(૮૦ મીટર દોડ) | | Shot Put<br>(ગોળા ફેંક) | | Disc Throw<br>(ડીશ ફેંક) | | Pair Couple Race<br>(કપલ દોડ) (M/F) |
| GROUP 'H'<br>46 TO 55 | | 80 Mtr. Race<br>(૮૦ મીટર દોડ) | | 400 Mtr. Walking<br>(૪૦૦ મી. ચાલવાનું) | | Shot Put<br>(ગોળાં ફેંક) | | |
| GROUP 'I'<br>56 ABOVE | | 50 Mtr. Race<br>(૫૦ મીટર દોડ) | | 400 Mtr. Walking<br>(૪૦૦ મી. ચાલવાનું) | | | | |
| OPEN ENTRY<br>NOAGE GROUP | | 400 Mtr. Race<br>(૪૦૦ મીટર દોડ) | | 100 Mtr. Hurdles<br>(૧૦૦ મી. વિઘ્ન દોડ) | | | | |

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

# Shree Patan Jain Mandal - Sports Committee

## OUTDOOR GAMES ENTRY FORM 09-12-2018

**Form No.** .......................... **Group** .......................... **M/F**................

**NAME** ..........................................................................................................

**Rs.** ....................................................... **Date** ............................. **Sign**.............................................

# SHREE PATAN JAIN MANDAL
FORM NO............................

77 PATAN JAIN MANDAL MARG, MARINE DRIVE, MUMBAI - 400 020. Tel. : 22811218, Mo. 9167902267

## BADMINTON & TABLE TENNIS GAME ENTRY FORM

| | | | |
|---|---|---|---|
| PLAYER'S NAME | | | M / F |
| | SURNAME | NAME | FATHER'S NAME |
| FATHER'S FULL NAME | | | |
| ADDRESS | | | |
| | | | |
| MOBILE | | EMAIL ID : | |
| BIRTH DATE | | AGE AS ON DT. 31-10-2018 | |
| PATAN MOHALLA | | PLAYER'S SIGNATURE | |

Venue : University Pavelion
Marine Drive, Mumbai.

Please mark ☑ in Group as per your age & Game.

**Entry Fee per head, per game Rs. 20/- Last Date of Submission 20-11-2018**

## GAME DETAILS - GROUPWISE

| | GROUP 'A' up to 12 years | GROUP 'B' 13 to 18 | GROUP 'C' 18 & above Open Group | GROUP 'D' 40 & above |
|---|---|---|---|---|
| Badminton Single | | | | |
| Badminton Doubles | | | | |
| Badminton Mixed Doubles | | | | |
| Table Tennis Single | | | | |
| Table Tennis Doubles | | | | |
| Table Tennis Mixed Doubles | | | | |

## PARTNERS DETAILS - GROUP WISE

| | Full Name | Maholla | Mobile | Age |
|---|---|---|---|---|
| Badminton Doubles | | | | |
| Badminton Mixed Doubles | | | | |
| Table Tennis Doubles | | | | |
| Table Tennis Mixed Doubles | | | | |

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

## Shree Patan Jain Mandal - Sports Committee

### Badminton & Table Tennis Game Entry Form

Form No. ........................... Group ........................... M/F................

NAME ..........................................................................................................................................

Rs. ..................................................... Date .............................. Sign...............................................

## સાભાર સ્વીકાર

**શતાબ્દી ગૌરવ કોરપસ ફંડ**

૩,૦૦,૦૦૦/- શ્રી હરેશભાઈ બાબુલાલ શાહ (વખતજીની શેરી)

**શ્રીમતી નીરૂબેન સેવંતીલાલ શાહ પ્રાયમરી એજ્યુકેશન ફંડ (ધો. ૫ થી ૮)**

૧,૫૦,૦૦૦/- શ્રી સેવંતીલાલ દલપતચંદ શાહ (શાંતિનાથની પોળ)

**વિકલાંગ ઉત્કર્ષ કોરપસ ફંડ**

૨૫,૦૦૦/- શ્રી ભરતભાઈ મનુભાઈ શાહ (ખડાખોટડીનો પાડો)

**હેલ્થકેર સાધન ભેટ**

૫,૦૦૦/- શ્રી સુરેશભાઈ ભદ્રેશભાઈ શાહ
૫,૦૦૦/- શ્રી ચેતનભાઈ શાહ
૫,૦૦૦/- શ્રી મહેશભાી ડી. ભંડારી
૫,૦૦૦/- શ્રીમતી માણેકબેન બરજોરજી

**વૃદ્ધજન સહાય ભેટ**

૧૧,૧૧૧/- શ્રીમતી વીરમતીબેન બાલુભાઈ શાહ (ચોધરીની શેરી) સ્વ. શ્રી સ્વરૂપચંદ પુજાચંદભાઈ શાહના ધર્મપત્ની સ્વ. શ્રીમતી શાંતાબેન સ્વરૂપચંદ શાહની પુણ્યતિથિ નિમિત્તે (વસાવાડો)

**સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ**

૫,૦૦૦/- શ્રીમતી સુજાતાબેન વિરેનભાઈ શાહ (કનાસાનો પાડો) ૪૫ ઉપવાસ નિમિત્તે

**દવા સહાય ભેટ**

૫,૦૦૦/- શ્રી નિતિનભાઈ જિતેન્દ્રભાઈ શાહ (અજીતનાથની પોળ) સ્વ. શ્રીમતી હસુમતીબેન જિતેન્દ્રભાઈ શાહના સ્મરણાર્થે

## ''મા''

એની કુખમાં જન્મ ધારણ કર્યો હશે જ્યારે મે,
ત્યારે આંખોમાં તેની ચમક સાથે આશા બાંધતી તે,
મમતાનું કવચ ઓઢાવી પળે પળે રક્ષા કરતી તે,
હાથોની આંખોથી સ્પર્શી ઉદરને તેના, નિહાળતી મને તે.

નવમાસના દિવસ એક એક જાણે વર્ષ જેવા લાગતા તેને,
ઉપકાર એનો માનવો ઘણો, મને વિશ્વમાં તરતો મુક્યો એને.
બાકી તો આ કળયુગમાં તો ઘણાં ગર્ભ પડાવતા તો છેને,
ભુલ્યા તેઓ કે, ભગવાન પણ પવિત્ર મા કુખથી જ અવતાર લેતા છેને.

એના એ કુમળા હાથોના સ્પર્શથી માવજત કરતી મારી તે,
વહાલથી સ્તનપાન કરાવી લોહી માંસને મારા પોસતી તે,
જીવન ઘડતર કરી મારું, લોહીમાં સંસ્કાર સિંચતી તે,
ભગવાન પણ ન તોલે જેની, વિશ્વમાં ઉચ્ચપદ પામતી તે.

થાય મને, બાળક બની વહાલથી વળગી ચુમુ તેને રે,
ઉમરની તેની સંધ્યાએ, આશા સૌ પુરી કરું તેની રે,
માંગુ હું રામ બની પત્નીની ને શ્રવણી બની 'મા'ની સેવા કરું રે,
આવનાર પેઢીને મારી, વારસામાં આ સંસ્કાર આપતો જઉ રે.

સૌ કોઈને કહું છું 'મા'ને વળગી વહાલથી ચુમીલો આજે જ રે,
નહિતર કદાચ આ દેવીરુપ 'મા' ફક્ત ફોટામાં જ મળશે ભવિષ્ય વારે રે,
ને પછી અફસોસ કરી આંખના ખુણા ભીનો કરતો કરતો રહીશ
ત્યારે રે, ત્યારે રે.

❑ **અતુલ કીર્તિલાલ શાહ**

સુધારો : કલાબેન તારાચંદ સંઘવી ગત પ્રતિબિમમાં 'શ્રદ્ધાંજલિ' વિભાગમાં ઉ.વ. ૭૦ છપાયેલ, ખરેખરી ઉ.વ. ૯૦ વર્ષ છે, જે સુધારીને વાંચવા વિનંતી. થયેલ શરતચૂક બદલ દિલગીર છીએ.

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુ:ખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુ:ખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા શ્રીમાળી | વખતજીની શેરી | દક્ષાબેન દિપકભાઈ શાહ | ૬૨ | વિલેપાર્લા | ૧૬-૦૯-૨૦૧૮ | ભાદરવા સુદ ૦૮ |
| વિશા શ્રીમાળી | ઢંઢેરવાડો | પરેશભાઈ અમીચંદ શાહ | ૭૬ | માટુંગા | ૧૬-૦૯-૨૦૧૮ | ભાદરવા સુદ ૦૮ |
| વિશા શ્રીમાળી | શાંતિનાથની પોળ | ચંપકલાલ ભીખાચંદ શાહ | ૮૫ | બોરીવલી | ૧૭-૦૯-૨૦૧૮ | ભાદરવા સુદ ૦૯ |
| વિશા શ્રીમાળી | અજીતનાથની પોળ | હસુમતીબેન જીતેન્દ્રભાઈ શાહ | ૮૧ | સાંતાક્રુઝ | ૨૨-૦૯-૨૦૧૮ | ભાદરવા સુદ ૧૩ |
| વિશા શ્રીમાળી | તંબોલીવાડો | વિજયભાઈ રમણલાલ સુતરિયા | ૬૯ | ભાયખલા | ૨૩-૦૯-૨૦૧૮ | ભાદરવા સુદ ૧૫ |
| વિશા શ્રીમાળી | તંબોલીવાડો | હરેશભાઈ ચીમનલાલ પટણી | ૬૫ | પાટણ | ૨૮-૦૯-૨૦૧૮ | ભાદરવા વદ ૦૫ |
| દશા પોરવાળ | વસાવાડો | મહેન્દ્રભાઈ સરૂપચંદ શાહ | ૮૭ | ગોરેગામ | ૨૮-૦૯-૨૦૧૮ | ભાદરવા વદ ૦૫ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | રમેશભાઈ મણિલાલ શાહ | ૮૩ | ભાયંદર | ૨૯-૦૯-૨૦૧૮ | ભાદરવા વદ ૦૬ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | વસુમતીબેન ભગવાનદાસ | ૮૫ | અંધેરી | ૩૦-૦૯-૨૦૧૮ | ભાદરવા વદ ૦૭ |
| દશા શ્રીમાળી | કોકાનો પાડો | અરૂણાબેન કીર્તિલાલ શાહ | ૭૫ | બોરીવલી | ૦૩-૧૦-૨૦૧૮ | ભાદરવા વદ ૧૦ |
| વિશા શ્રીમાળી | મણિયાતી પાડો | રાજેશકુમાર અમૃતલાલ શાહ | ૪૭ | પુના | ૦૩-૧૦-૨૦૧૮ | ભાદરવા વદ ૧૦ |
| વિશા શ્રીમાળી | મણિયાતી પાડો | મુકેશભાઈ રતિલાલ જૈન | ૬૦ | દહીસર | ૧૨-૧૦-૨૦૧૮ | આસો સુદ ૦૪ |
| વિશા શ્રીમાળી | વાગોળનો પાડો | ધીરેનભાઈ ભગવાનદાસ શાહ | ૫૯ | અંધેરી | ૧૩-૧૦-૨૦૧૮ | આસો સુદ ૦૫ |

* ચક્ષુદાન કરેલ છે ✸ દેહદાન કરેલ છે ● ત્વચાદાન + અંગદાન * * દેહદાન કરો અને કરાવો **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

## SOMIRA PPL TEAM OWNERS AND PLAYERS AT THE PPL AUCTION



Postal Regd. No. MCS / O84 / 2018-20 W.P.P. License No. MR/TECH/WPP-120/South /2018.
PATAN PRATIBIMB ● October 2018 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

# શ્રી પાટણ જૈન મંડળ

**પ્રોગ્રામ સમિતિ** આયોજિત

## શ્રી મણિલાલ લલ્લુચંદ શાહ (અતુલ ડ્રગ હાઉસ) પરિવાર

પ્રેરિત

## નૂતન વર્ષ સ્નેહ સંમેલન

### હાર્દિક આમંત્રણ

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા પાટણના ભાઈ-બહેનો માટે, સૌ સામૂહિક રીતે સાથે મળ્યાનો આનંદ માણી શકે, તેવી શુભ ભાવનાથી

**નૂતન વર્ષ સ્નેહ સંમેલનનું**

નીચેની વિગતે આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના નિમંત્રણને સ્વીકારી સ્નેહ સંમેલનમાં સમાજના સર્વ પરિવારોને પધારવા અમારું આમંત્રણ છે.

**દિનાંક: તા. ૧૮-૧૧-૨૦૧૮, રવિવાર**

**સંવત ૨૦૭૫, કારતક સુદ ૧૦, સમય: ૪.૦૦ થી ૭.૦૦ કલાકે**

**અલ્પાહારની વ્યવસ્થા સાથે મનોરંજન કાર્યક્રમ રાખેલ છે.**

(સૂર્યાસ્ત પછી અલ્પાહાર કાઉન્ટર બંધ થશે)

**સ્થળ : ગરવારે ક્લબ હાઉસ, ડી. રોડ, ચર્ચગેટ, મુંબઈ.**

આ પ્રસંગે લક્કી ડ્રોનું આયોજન રાખેલ છે, જેમાં આકર્ષક ઈનામો આપવામાં આવશે.

તા.ક. : નૂતન વર્ષ સ્નેહ સંમેલનના વ્યક્તિગત નિમંત્રણ કાર્ડ મોકલવામાં આવશે નહીં.

### Tentative Programs for Forthcoming Months

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1. | Program | Sun | 18 Nov. | Kartak S 10 | 4 to 7 | Garware Club | Sneh Sammelan |
| 2. | Divyang Utkarsh | Sat | 1 to 3 Dec. | Kartak V 9 | -- | Sahpur, Devlali | Yatra Pravas |
| 3. | Sports | Sun | 9 - Dec. | Mag S 2 | 10 to 2 pm | University Ground | Outdoor Games |
| 4. | Sports | Sun | 16 - Dec. | Mag S 9 | 10 to 3 pm | ...... | Sr. Citizen Match |
| 5. | Jeevan Saurabh | Sun | 6 to 9 Jan | Mag V 3 | -- | Manilaxmi | Yatra Pravas |
| 6. | College | Sat | 16 Feb. | Maha S 11 | 12.39 am | Patan | Opening Ceremony |
| 7. | Program | Sun | 24 Feb. | Maha V 6 | -- | ........ | Samuh Lagan |

Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.

**Editor : CHANDRAVADAN SARABHAI SHAH**

TO,